






## પાલનપુરમાં હાર્દિક પટેલે કહ્યું ઘરમાં આવી કોઈ મારી જાય તો પાવડા અને ધોકાનો ઉપયોગ કરજો

પાલનપુરના કુંભાસણ ખાતે યોજાયેલા પાટીદાર અનામત આંદોલન સમિતિ ધ્વારા આજે જાહેરસભાનું આયોજન એક ખુલ્લા ખેતરમાં કરાયું હતું. આ જાહેરસભામાં પાસના નેતા હાર્દિક પટેલ, રેશ્મા પટેલ, નલિન કોટડીયા, દિનેશ બામણીયા તેમજ પાસના કન્વીનર શિવરામ ફોશી તથા પાટીદાર સમાજના અગ્રણીઓ તેમજ પાટીદાર સમાજના લોકોની ઉપસ્થિત રહ્યા હતા. આ જાહેરસભામાં પાસ નેતા હાર્દિક પટેલે પાટીદાર સમાજને અનામત અપાવવા પોતે લડી રહ્યો હોવાનું જણાવ્યું હતું. અને અનામત માટે જેલમાં જવાની પણ હાર્દિકને બીક ન હોવાનું હાર્દિક પટેલે જણાવ્યું હતું. આજે આક્રમક મિજાજમાં હાર્દિકે પાટીદાર સમાજને પાવડાના ધોકાનો ઉપયોગ કરવા માટે તૈયાર રહેવાનું જણાવ્યું હતું.પાટીદાર અનામત આંદોલન દરમ્યાન ૧૪ યુવાનોની હત્યા થઈ, પાટીદાર સમાજની બહેનોને ખરાબ શબ્દો બોલવામાં આવ્યા અને તેના ભાગરૂપે ૪૪ ધારાસભ્યો રાજીનામું આપે તો તે ગર્વની વાત હોવાનું જણાવ્યું હતું. આ ઉપરાંત ગઢમાં પણ બે પાટીદાર યુવાનોના થયેલા મોતની ઘટનાને આજે હાર્દિકે ફરી તાજી કરી દીધી હતી. આ ઉપરાંત હાર્દિકે ભૂતકાળ વાગોળતા જણાવ્યું હતું કે ભૂતકાળમાં પાટીદાર સમાજ પર વ્યંગ કરનાર માધવસિંહ સોલંકીની સરકારને પણ ૧૯૮૪માં પાટીદાર સમાજે પાડી દીધી હતી.

## ખેડબ્રહ્મા એસબીઆઈ કર્મચારીઓની દબંગાઈ, ગ્રાહકને ઢોર માર માર્યો

ખેડબ્રહ્મા એસબીઆઈ બેંકમાં ચેક બાઉન્સ થવા બાબતે પૂછપરછ કરવા આવેલ ગ્રાહકને કર્મચારીઓએ ઢોર માર માર્યો હતો.

ખેડબ્રહ્મા સરદાર પટેલ રોડ પર આવેલ સ્ટેટ બેંકની બ્રાન્ચમાં ૪૩૧૧૮નો ચેક નં. ૪૩૭૮૭૫ રૂ. ૪૩ હજારનો બીઓબી ખેડબ્રહ્મા શાખામાં ગઈકાલે નાંખેલ જે ચેક બાઉન્સ થયેલ જે અંગે નટવરભાઈએ તેમના દિકરા સ્મિતનો પૂછપરછ કરવા નટવરભાઈ બહાર આવી ગયા હતા. ત્યારે પ્રત્યક્ષ દર્શક વેપારીઓના જણાવ્યા પ્રમાણે બેંક કર્મચારીઓ આવી નટવરભાઈને પકડી લઈ જઈ બેંકના દરવાજા બંધ કરી દઈ માર મારવાનુ ચાલુ કરેલ.



સાંજના સમયે ઉન્ડવા રહેતા અને કાનપુરા-અમીરગઢ ખાતે સીઆરસી તરીકે ફરજ બજાવતા નટવરભાઈ ધુળાભાઈ વણકર પોતાનો ચેક બાઉન્સ વિશે પુછપરછ કરવા આવેલા જેને કર્મચારીઓ - બેંક મેનેજર દ્વારા ઉદ્ધતાઈભર્યુ વર્તન કર્યુ હતુ.

નટવરભાઈએ પોતાના એકાઉન્ટ નં. ૩૨૭૧૦૮ એસબીઆઈમાં મોકલેલ જેથી ત્યાંથી જવાબ મળેલ કે બીઓબીમાં તપાસ કરો જેથી સ્મીતે નટવરભાઈને જાણ કરતા તેઓ એસબીઆઈમાં આવી પૂછપરછ કરી હતી. જેથી ફરજ પરના કર્મચારીઓએ ઉદ્ધતાઈ ભરેલ વર્તન ચાલુ રાખેલ અને ધક્કા મુક્કી પર ઉતરી આવેલ. જેથી જેથી નટવરભાઈના દિકરા સ્મિતે બહાર બુમાબુમ કરતા બહાર ટોળેટોળા ઉમટી પડ્યા હતા અને એક કલાક સુધી પોલીસ પણ ન આવી હોઈ ટોળાએ બેંક વિરૂદ્ધ બુમરાણ કરી મુકી હતી. બેંક કર્મચારીઓને ગ્રાહકને બહાર મોકલવા જણાવવા છતાં તેને બહાર કાઢવામાં આવેલ નહી.

## જિલ્લા ભાજપની કારોબારી બેઠક કલોલમાં યોજાઈ ગઈ

ભારતીય જનતા પાર્ટી, ગાંધીનગર જીલ્લા દ્વારા એક અખબારી યાદીમાં જણાવવામાં આવે છે કે, તા.૨૯/૦૧/૨૦૧૭ને રવિવારના રોજ ગાંધીનગર જીલ્લાની કારોબારી બેઠક બપોરે ૨.૦૦ કલાકે "જોયફુલ સ્કુલ, પંચવટી વિસ્તાર, કલોલ શહેર" ખાતે જીલ્લા પ્રમુખશ્રી નૈલેષભાઈ શાહ, પ્રદેશ મંત્રીને પ્રભારીશ્રી રમણજી સોલંકી, પ્રદેશ મહામંત્રીશ્રી કે.સી.પટેલ, વિધાનસભાના ઉપાધ્યક્ષશ્રી શંભુજી ઠાકોર અને ધારાસભ્યશ્રી અશોકભાઈ પટેલ ની ઉપસ્થિતિમાં મળી હતી. જીલ્લા પ્રમુખશ્રી એ આગામી વર્ષ વિધાનસભા ચૂંટણી વર્ષ હોઈ પાર્ટીના દરેક કાર્યક્રમોની માહિતી આપી હતી. જેવી કે ભીંત સૂત્રો, તા.૧૧ ફેબ્રુઆરી પંડિત દિનદયાળ ઉપાધ્યાયજી પૂણ્યતિથિ નિમિત્તે દરેક બુથ પર કાર્યક્રમ કરવા, વાલી વિસ્તારક યોજના, બી.એલ.એ.-૧, બી.એલ.એ.-૨ની વકતાનો વર્ગ વગેરે પ્રકારની માહિતી આપી હતી. તેમજ મહામંત્રીશ્રી દ્વારા વિવિધ ઠરાવો પસાર કરવામાં આવ્યા હતાં.




## હિંમતનગરના સવગઢની સેન્ટ ઝેવિયર્સ સ્કૂલનું ગૌરવ

રમોત્સવ દ્વારા ખેલમહાકુંભ સ્પર્ધામાં સેન્ટ ઝેવિયર્સ સ્કૂલના સૌથી વધારે વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ હતો. જેમાં દ્વિતિય ક્રમાંક પ્રાપ્ત કરેલ છે. જે અંતર્ગત ખેલ મહાકુંભ ૨૦૧૬-૧૭માં વિવિધ રમતો પૈકી ફૂટબોલ, બાસ્કેટબોલ, સ્કેટીંગ, બેડમિન્ટન, લોન ટેનિસ, હોકી વગેરે હતી. જેમાં શ્રેષ્ઠ દેખાવ પ્રાપ્ત કરેલ છે. જેમાં ફૂટબોલ અન્ડર-૧૪ ભાઈઓ બહેનોમાં પ્રથમ, દ્વિતિય, તૃતિય સ્થાન પ્રાપ્ત કરેલ છે. અન્ડર-૧૭ ભાઈઓ પ્રથમ અન્ડર-૧૭ બહેનો દ્વિતિય અને ઓપનમાં બહેનોએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ છે. બાસ્કેટબોલની રમતમાં અંડર-૧૭ બહેનોમાં દ્વિતિય, સ્કેટીંગમાં પ્રથમ, દ્વિતિય, તૃતિય સ્થાન પ્રાપ્ત કરેલ છે. લોન ટેનિસમાં અં.૧૪ બહેનો પણ પ્રથમ દ્વિતિય સ્થાન પ્રાપ્ત કરેલ છે. બેડમિન્ટનમાં અં.૧૪ ભાઈઓ પ્રથમ, સ્થાન પ્રાપ્ત કરેલ છે. આમ સમગ્ર ખેલ મહાકુંભ રમતોત્સવ દ્વારા જિલ્લાકક્ષામાં સેન્ટ ઝેવિયર્સ સ્કૂલે શ્રેષ્ઠ દેખાવ કરેલ છે. જે સંદર્ભે રાજ્ય સરકાર દ્વારા શાળાને, ૨૬ જાન્યુઆરી ૨૦૧૭ પ્રજાસત્તાક દિન નિમિત્તે વિજયનગર ખાતે ૧,૦૦,૦૦૦ રૂ. ઈનામ મેળવેલ છે.





## મોડાસામાં ઝેરી દાદરનો રોગ વકર્યો

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરના લઘુમતિ વિસ્તારમાં અને ગીચ વસતી ધરાવતા વિસ્તારમાં શિયાળાના અંતિમ ચરણમાં ચામડીનો વિચીત્ર કહી શકાય તેવા ઝેરી દાદરના રોગનો ભોગ બન્યા છે. ઝેરી દાદરથી પીડાતા બાળકો, મહિલાઓ અબાલ વૃદ્ધ સૌ કોઈના શરીર પર લાલ ચકામા, મીઠી ખંજવાળ ચામડી ઈતરડાઈ જવી પીડાથી પીડાઈ રહ્યા છે. ખાનગી તબીબી સારવાર લેવા છતાં રોગ મટવાનુ નામ લેતો નથી. તદ્ઉપરાંત ગીચ વિસ્તારમાં આ રોગ વધુને વધુ પ્રસરી રહ્યો છે. ૨૫૦૦થી વધુ લોકોએ ઝેરી દાદરનો ખાનગી ખર્ચ વધુ હોવાથી સરકારી દવાખાનાઓ અને સરકારી તબીબો દ્વારા સઘન સારવારની સાથે રોગથી પીડાતા ઈજાગ્રસ્ત વિસ્તારોમાં સર્વેની કામગીરી હાથ ધરી તાત્કાલિક સારવાર આપી રોગને અટકાવવા ઝડપી પગલા ભરવામાં આવે તેવી લોકોની ભારે માંગ ઉઠી છે. આરોગ્ય વિભાગ સફાળો જાગી ઝેરી દાદરના રોગને અટકાવવા પગલા ભરે તે ખૂબ જ જરૂરી છે.

## પ્રાંતિજના કરોલથી લીંબલા જતો રસ્તો ૮૩ લાખના ખર્ચે નવીન બનશે

પ્રાંતિજ, તા. ૩૧

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજના કરોલથી લીંમલા જતો રસ્તો છેલ્લાં ઘણા સમયથી મેટલીંગ થયેલો રણીધણી વગરનો પડયો હતો અને તંત્રમાં અનેકવાર ગ્રામજનો દ્વારા રજુઆતો કરવામાં આવી હતી છતાં કોઈએ ધ્યાન ના લેતાં આખરે બન્ને ગામોના લોકોએ ધારાસભ્યને રજુઆતો કરતાં ધારા સભ્યને કરેલ રજુઆત રંગ લાવી.

કરોલ- લીંમલા જતો માર્ગ છેલ્લાં કેટલાય સમયથી મેટલ કામ પછી પડી રહ્યો હતો અને ત્યાંથી રોજીંદી અવરજવર કરતાં વાહન ચાલકો માર્ગને લઈને તોબા પોકારી ઉઠ્યા હતાં તથા આજુબાજુના લોકોને ફરીને જવુ પડતુ હતું ત્યારે બન્ને ગામજનો દ્વારા પ્રાંતિજ-તલોદના ધારાસભ્યને રજુઆતો કરતાં ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા દ્વારા સિંચાઈ વિભાગનું ધ્યાન દોરતા ડેમ સાઈડમાં હોવાના કારણે સિંચાઈ વિભાગને રજુઆતો કરતાં ૮૩ લાખના ખર્ચે નવીન રોડ મંજુર કરાવતા આ વિસ્તારના લોકોમાં આનંદની લાગણી ફેલાઈ હતી અને રોડ બનશે તો આજુબાજુના ગામો પણ અહીંથી પસાર થશે અને તેમનું અંતર પણ ઘટશે જેથી રોડ બનાવાને લઈને બન્ને ગામો માં ખુશી જોવા મળી છે.

## જિલ્લામાં ૮૯૦ જેટલાં વિવિધ રોજગારલક્ષી કેમ્પો દ્વારા ૨૫૩૦૦ લાભાર્થીઓને તાલીમ

ગાંધીનગર જિલ્લામાં બેંક ઓફ બરોડા પ્રાયોજીત સ્વરોજગાર વિકાસ સંસ્થાન દ્વારા છેલ્લા દસ વર્ષમાં ૮૯૦ વિવિધ રોજગારલક્ષી તાલીમ કેમ્પો દ્વારા ૨૫૩૦૦ લાભાર્થીઓને વ્યવસાયલક્ષી અને સ્વરોજગારીની તાલીમ આપવામાં આવી છે.બેંક ઓફ બરોડા સ્વરોજગાર વિકાસ સંસ્થાનના ડાયરેક્ટર જી.જે. ચૌહાણે જણાવ્યું હતું કે આ તાલીમ કાર્યક્રમ દ્વારા ૧૫૨૦૦ જેટલા લાભાર્થીઓ રોજગાર ક્ષેત્રે સ્થાયી થયાં છે. છેલ્લા દસ વર્ષમાં ૪૫૯૦ જેટલાં ઉધોગ સાહસિકો તથા રોજગાર વાંચ્છુઓને ૧૨૩ કરોડનું લોન-સહાય ધિરાણ આપી પગભર કર્યા છે. ગ્રામીણ ક્ષેત્રના બીપીએલ લાભાર્થીઓને અગ્રતા આપવામાં આવે છે. વિવિધ બેંકલોન દ્વારા ૪૫૯૦ લાભાર્થીઓ પગભર બન્યાં છે. સર્વલક્ષી ઉધોગ સાહસિકના વિકાસ તથા બ્યુટીપાર્લર, શિવણકામ, ફોર વ્હીલર ડ્રાઈવીંગ, ડેરી ફાર્મિંગ, કોમ્પ્યુટર હાર્ડવેર જેવી વિવિધ ૪૫થી વધુ પ્રકારના તાલીમ કાર્યક્રમો દ્વારા તાલુકા મથકે અને તાલુકાના ગામોમાં રહેવા-જમવાની મફત સુવિધા સાથે લાભાર્થીઓને તાલીમ આપવામાં આવે છે.

### આજે બજેટ

● અનુસંધાન પહેલાનું ચાલુ

બજેટમાં સામાન્ય લોકો ઘણી બધી અપેક્ષાઓ રાખી રહ્યા છે. નોટબંધી બાદ હાલમાં રિયલ એસ્ટેટ સેક્ટરમાં પણ મંદી પ્રવર્તી રહી છે જેથી આ સેક્ટરમાં તેજી લાવવાનો પણ પડકાર રહેલો છે. આ ઉપરાંત હાઉસ પ્રોપર્ટી માટેની આવકને લઈને પણ કેટલીક જાહેરાતો થઈ શકે છે. બજેટમાં અન્ય કેટલીક જોગવાઈઓને લઈને તમામ લોકો પોતપોતાની રજૂઆતો કરી ચુક્યા છે. વર્ષ ૨૦૧૪માં મે મહિનામાં સત્તામાં આવ્યા બાદ મોદી સરકાર તેનુ ચોથુ સંપૂર્ણ બજેટ રજૂ કરનાર છે. જેમાં મધ્યમ વર્ગ, ખેડુત વર્ગ, અને યુવા વર્ગને ખુશ કરવાના પ્રયાસ કરવામાં આવી શકે છે.

### આર્થિક સર્વે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ચાલુ ખાતાકીય ખાધ ૨૦૧૫-૧૬ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં ૧.૫ ટકાથી ઘટીને જીડીપીના ૦.૩ ટકા સુધી થઈ ગઈ હતી. સપ્ટેમ્બર ૨૦૧૬ના અંતમાં ભારત પર વિદેશી દેવું ૪૮૪.૩ અબજ ડોલરનું હતું. કૃષિ ક્ષેત્રને લઈને પણ વિગતવાર માહિતી આમા જાહેર કરવામાં આવી છે. આર્થિક સર્વેમાં અન્ય તમામ ક્ષેત્રોને લઈને પણ વાત કરવામાં આવી છે.

### સુપ્રીમની મંજુરી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પૂર્ણ કરવામાં આવશે. હાઈકોર્ટના નિવૃત્ત જજના નેતૃત્વમાં તપાસ કરવામાં આવનાર છે. વિદ્યાર્થીઓ સામે રહેલા કેસોને પાછા ખેંચી લેવાની પણ જાહેરાત કરવામાં આળી છે. મરીના બીચ ખાતે આ મહિનાની શરૂઆતમાં જ એક સપ્તાહ સુધી વિરોધ પ્રદર્શનનો દોર ચાલ્યો હતો. ૨૩મી જાન્યુઆરીના દિવસે વ્યાપક હિંસા ભડકી ઉઠી હતી. વ્યાપક વિરોધ પ્રદર્શન બાદ અંતે જલીકટ્ટૂને મંજુરી આપવામાં આવી હતી.

### નિર્ણય ખૂબ જ સાહસી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સંસદના બંને ગૃહોને સંબોધતા રાષ્ટ્રપતિએ કહ્યું હતું કે, સાનુકુળ મોનસુન અને કિસાનલક્ષી પગલાના લીધે ખરીફ પાકના ક્ષેત્રફળ અને પેદાશમાં વધારો થયો છે. વર્તમાન રવિ સિઝનમાં વાવણી ક્ષેત્રમાં પણ ગયા વર્ષની સરખામણીમાં તેમાં વધારો થયો છે. આમા છ ટકાનો વધારો નોંધાઈ ચુક્યો છે. મુખર્જીએ યાદ અપાવતા કહ્યું હતું કે, ગયા વર્ષે આ સમય ગાળા દરમિયાન કઠોળની કિંમતો રેકોર્ડ ઉંચી સપાટીએ પહોંચી ગઈ હતી પરંતુ સરકારના પગલાના લીધે આજે સ્થિતિ કાબૂમાં આવી ચુકી છે. ખેડૂતોને યોગ્ય મૂલ્ય મળી રહ્યા છે. ગ્રાહકોના હિતના રક્ષણ માટે પગલા લેવાઈ રહ્યા છે. લોકોના હિતોની સુરક્ષાની ખાતરી કરવા ૨૦ લાખ ટન કઠોળનો બફર સ્ટોકનો જથ્થો રાખવાની યોજના બનાવવામાં આવી છે જેના ભાગરુપે આઠ લાખ ટન કઠોળની ખરીદી કરવામાં આવી ચુકી છે. ખેડૂતના કલ્યાણમાં જ રાષ્ટ્રની સમૃદ્ધિ રહેલી છે તેવી વાત કરતા તેમણે કહ્યું હતું કે, ખેડૂતના જીવનમાં પરિવર્તન લાવવા માટે પગલા લેવાઈ રહ્યા છે. પ્રધાનમંત્રી ફસલ વિમા યોજનામાં જોખમના કવરેજને વધારી દેવાનો નિર્ણય કરાયો છે.

### આવાસ યોજના

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જી આવાસ માટે રૂ ૧૨ લાખની કિંમત નિયત કરવામાં આવી છે. એમ આઈ જી આવાસ માટે પ્રતિવર્ષ ૭ લાખ સુધીની આવકની મર્યાદા નક્કી કરવામાં આવી છે. જયારે એમ આઈ જી આવાસ માટે રૂ ૩ થી ૬ લાખની આવક નિયત કરાઈ છે. જયારે મળેલી અરજીની સંખ્યા સામે ૫૦ ટકા આવાસોનુ નિર્માણ કરવામાં આવશે. આ લાભાર્થીઓ આવાસ માટે અરજી કરી શકશે. જયારે એમ આઈ જી આવાસ માટે ઓન લાઈન અરજી સ્વીકારવામાં આવશે. આ માટે કોઈ ફી રાખવામાં આવી નથી. જયારે આ આવાસ યોજના માટે તા ૧ ફેબ્રુઆરીથી ફોર્મનુ વિતરણ કરવામાં આવશે.

### બીજો હપ્તો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારને વિકાસ માટેની ગ્રાન્ટમાં ૧૩મા નાણાં પંચની તુલનામાં વધારો થયો છે. જે વિકાસના કામો ચાલુ છે તે પહેલાં પૂર્ણ કરવાના રહેશે તેમ પણ જિલ્લાતંત્ર દ્વારા જણાવવામાં આવ્યુ છે.

દરમ્યાન જિલ્લાના ૧૪૬ ગામ એવા છે જેમાં ૨૦૧૪-૧૫ની તુલનામાં ૨૦૧૫-૧૬ના નાણાંકીય વર્ષમાં આવકમાં વધારો થયો છે તેવા ગામોને પરફોમન્સ ગ્રાન્ટ પેટે રૂ. ૩ કરોડ ૨૬,૭૬,૩૮૯ની માતબર રકમ પણ પંચની ગ્રાન્ટ સાથે ફાળવી આપવામાં આવી છે.

આ ૧૪૬ ગામોમાં કલોલના ૩૩, માણસાના ૩૪, ગાંધીનગરના ૪૫ અને દહેગામના ૩૪ ગામોનો સમાવેશ થાય છે.

મળતી વિગતો પ્રમાણે ૧૪મા નાણાંપંચમાં જે પંચાયત દ્વારા વિકાસના કામો જે તે વર્ષમાં સંપન્ન કરાશે અને ગામની આવકમાં નોંધપાત્ર વધારો થયેલો જણાશે તેવા ગામોને ૧૦ ટકા સુધીની પરફોમન્સ ગ્રાન્ટ આપવાની જોગવાઈ કરવામાં આવેલી છે. જિલ્લા તંત્રએ પણ ગામોને વેરા વસુલી પર વિશેષ ધ્યાન આપવા માટે વારંવાર સૂચનાઓ પણ જારી કરેલી છે જે ઉલ્લેખનીય છે.

### સ્મોક ફ્રી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દેસાઈના અધ્યક્ષપદે મળેલ બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. સરકારી કચેરીમાં તમાકુનુ સેવન કરનાર અને ધુમ્રપાન કરનાર પાસેથી રૂ. ૨૦૦નો દંડ વસુલવામાં આવશે અને તે અંગેની રસીદ પણ તેને આપવામાં આવશે. આ બેઠકમાં લેવાયેલ નિર્ણય મુજબ જિલ્લામાં ૩૦૦ જેટલા જાહેર સ્થાનોની ઓળખ કરી અને ટુંકમાં જ તમાકુનું સેવન તેમજ ધુમ્રપાન અંગેની ચેતવણી તેમજ દંડનીય કાર્યવાહી કરવાની સૂચનાઓ દર્શાવવામાં આવશે.

શૈક્ષણિક સંકુલોની આસપાસના વિસ્તારોમાં ગુટકા અને તમાકુનું વેચાણ થતુ હોવાની ફરિયાદને પગલે દરેક શાળા નજીક પણ બોર્ડ લગાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ ઉપરાંત આ અંગે કાર્યવાહી કરવા માટે શાળાના આચાર્યોને આજે મળનારી બેઠકમાં ખાસ સમજ પણ આપવામાં આવનાર છે. આ બેઠકમાં જિલ્લામાં અત્યાર સુધીમાં તમાકુ વિરોધી અભિયાન અંતર્ગત રૂ. ૮૦,૮૦૦નો દંડ વસુલવામાં આવ્યો હોવાની જાણકારી પણ આપવામાં આવી હતી. જો કે આ રકમમાંથી મોટાભાગની રકમ પોલીસ તંત્ર દ્વારા વસુલ કરવામાં આવી છે. તો એક-બે તાલુકામાં તંત્રના અધિકારીઓએ વાહનના અભાવે કામગીરી નહિ કરી હોવાની ચોંકાવનારી વિગતો પણ રજુ થઈ હોવાનું જાણવા મળેલ છે.

થોડાક સમય પહેલા જિલ્લા રોગચાળા નિયંત્રણ અધિકારી દ્વારા જિલ્લા કલેક્ટર સમક્ષ જ આ અંગેનું પ્રેઝન્ટેશન રજુ કરવામાં આવ્યુ હતુ. એ વખત પછી પોલીસતંત્રએ દંડનીય કાર્યવાહી શરૂ કરી હતી અને ૩૩ હજાર જેટસલો દંડ વસુલ્યો હતો જે ઉલ્લેખનીય છે.

જિલ્લામાં વ્યસનમુક્તિ માટે પંચાયતે રૂ. બે લાખની ફાળવણી નાણાંકીય બજેટમાં કરી હતી હવે તંત્ર આ મુદ્દે જાગ્યુ છે અને બોર્ડ લગાવવા સહિતની કામગીરી કરી જાગૃતિનું અભિયાન છેડવામાં આવશે.

જિલ્લામાં વ્યસનમુક્તિ માટે ખાસ શિબિરો યોજવાનું પણ આયોજન બજેટ રજુ કરતી વેળાએ પંચાયત પ્રમુખે જણાવ્યુ હતુ પરંતુ આ અંગેની શિબિરો થઈ શકી નથી જે ખુબજ દુઃખદ છે. જો કે હવે જિલ્લાને સ્મોક ફ્રી અને તમાકુ સેવન વિરોધી જિલ્લો બનાવવા માટે તંત્રએ કમર કસી છે.

જિલ્લા વિકાસ અધિકારીએ પણ પંચાયત સંકુલમાં તમાકુ વિરોધી અભિયાન હાથ ધરવા માટેની સૂચનાઓ શાખાધિકારીઓની બેઠકમાં આપી હતી અને ઓફિસ શરૂ થતાં પૂર્વે કર્મચારીઓ તમાકુ સાથે કચેરીમાં ના આવે તે માટે ચકાસણી કરવાની સૂચનાઓ આપી હતી તે કાગળ પર જ રહી હોવાની વાતો પણ તંત્રમાં ખૂણે ખાંચરે ખાનગીમાં ચર્ચાતી સાંભળવા મળી રહી છે.

### મુલાકાત લીધી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નિહાળી હતી. આર ટી ઓ કચેરીમાં પાર્કીંગ માટે જગ્યા ન હોવાના લીધે આડેધડ વાહનો ખડકી દેવાય છે. જયારે આ મામલે તેમણે તાત્કાલિક જગ્યા ફાળવવા માટે દરખાસ્ત કરવા કચેરીના અધિકારીઓને સુચના આપી હતી. આ ઉપરાંત આર ટી ઓ કચેરી આસપાસ દબાણોનો અડીંગો પણ દુર કરવા માટે તેમણે સુચના આપી હતી. આર ટી ઓ કચેરી સંબંધિત બોર્ડ મુકવા માટે પણ તેમણે જણાંવ્યુ હતુ. ગ માર્ગ પર પણ આર ટી ઓ કચેરી નિર્દેશ કરતુ બોર્ડ લગાવવા માટે તેમણે સુચના આપી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે આર ટી ઓ કચેરી આસપાસ દબાણોનુ પ્રમાણ વધી ગયુ છે. છેલ્લા કેટલાક સમયથી સ્થાનિક રહીશો પણ દબાણોના લીધે ત્રસ્ત બની ગયા હોવાનો સુર ઉઠવા પામ્યો છે. જયારે આર ટી ઓ કચેરીની પાર્કીંગ વ્યવસ્થા સદંતર ખાડે હોવાનુ પણ અવારનવાર પ્રકાશમાં આવે છે. જેના લીધે ટ્રાફિકને લગતા પ્રશ્નો કચેરી સંકુલના વિસ્તારમાં જ શિરદર્દ સમાન બન્યા છે. મુખ્ય સચિવની સુચનાના પગલે આગામી દિવસોમાં સમસ્યાથી ઘેરાયેલી આર ટી ઓ કચેરીમાં પાર્કીંગ અને દબાણનો પ્રશ્ન હલ થશે.

### નવાં કલેવર

● ૪ પાનાનું ચાલુ...

જયાં અંકિતને તેના મમ્મી-પપ્પાએ જોયો ત્યાં તુરંત બેઠા થઈ દોડી આવ્યા અને બાથમાં લઈ પુછવા લાગ્યા, 'બેટા, તું કંઈ કીધા વિના કયાં જતો રહ્યો હતો?'

ત્યારે આખી વાત વત્સલે અંકિતના માતા પિતા અને બહેનને વિગતે કહી અને એ પણ કહ્યું કે આજે બહુ મોટી મુસીબત થઈ જવાની હતી. પણ મે અંકિતને બચાવી આવનાર આફત ને ટાળી દીધી. અંકિત આટલો હશે ડરપોક એ વાત મારા તો માનવામાં જ આવતી નથી. આજ અંકિતને તેનું રીઝલ્ટ બતાવી ખાત્રી કરાવી ન હોત તો અંકિત કોણ જાણે શું કરી બેસત. એ વિચારવા જેવું છે. વત્સલે કહ્યું જે થવાનું હતું તે થઈ ગયું પરંતુ હવે અંકિતે તેના મમ્મી-પપ્પાની માફી માંગવી પડશે. જેથી બીજીવાર આવી ભૂલ ન કરે.

મમ્મી-પપ્પાની માફી માંગ્યા બાદ અંકિતે પોતાના મિત્ર વત્સલને કહ્યું 'શું તું મને માફ નહીં કરે?' વત્સલે કહ્યું, 'જા, હવે મેં પણ તને માફ કર્યો બસ, પણ પાસ થવાની ખુશીમાં પેંડા કયારે ખવડાવે છે તે બોલ?'

આટલી વાત સાંભળી અંકિતના પપ્પા બોલ્યા, 'તમે બંનો સૌની સાથે બેસીને વાતો કરો ત્યાં સુધીમાં હું રાધેમાં પેંડા લઈ આવું છું એટલું કહીં અંકિતના પપ્પા બાઈલ લઈ નીકળી પડ્યા.'